# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 07-02-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર રીટા દવે વાંચે છે.

**************************************************

1) રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાએ રેપો રેટમાં 0.25 ટકાનો ઘટાડો કર્યો હોવાની ગવર્નર મલ્હોત્રાએ જાહેરાત કરી.

2) આદિવાસી વિસ્તારોમાં આરોગ્ય સેવા સુધારણા માટે સરકાર કાર્યરત હોવાનું લોકસભામાં કેન્દ્રીયઆરોગ્ય મંત્રી જે .પી. નડ્ડાએ જણાવ્યું.

3) શ્રીલંકા દ્વારા 97 માછીમારોની ધરપકડ કરવાના વિરોધમાં વિપક્ષના સાસદોએ સંસદ બહાર વિરોધપ્રદર્શન કર્યું.

4) અમેરિકામાં H-1B વિઝા માટે પ્રારંભિક નોંધણીની મુદત આજથી શરૂ થશે અને 24 માર્ચે પૂર્ણ થશે.

5) મહાકુંભ મેળામાં આજે સાંજે યોજાનારા સાંસ્કૃતિક કાર્યક્રમમાં દેશભરના પ્રખ્યાત કલાકારો સંગીત, નૃત્ય અને કલાની પ્રસ્તુતિ કરશે.

.........................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# RBI REPO RATE

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ પોલિસી રેટ રેપો રેટમાં 0.25 ટકાનો ઘટાડો કર્યો છે. આ ઘટાડા પછી, રેપો રેટ 6.5 ટકાથી ઘટીને 6.25 ટકા થયો છે.

RBI ગવર્નર સંજય મલ્હોત્રાએ, આજે આ જાહેરાત કરી હતી. રેપો રેટમાં આ ઘટાડાને કારણે લોન સસ્તી થશે અને ઈએમઆઈ પણ ઘટશે. સંજય મલ્હોત્રાએ, ત્રણ દિવસની નાણાકીય નીતિ સમિતિની બેઠક બાદ લેવાયેલા નિર્ણય વિશે પત્રકારોને માહિતી આપી. તેમણે કહ્યું કે, 6 સભ્યોની સમિતિએ સર્વાનુમતે રેપો રેટ 0.25 ટકા ઘટાડીને 6.25 ટકા કરવાનો નિર્ણય લીધો છે. .

RBI એ ફેબ્રુઆરી 2023 થી રેપો રેટ 6.5 ટકા પર યથાવત રાખ્યો હતો. ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું કે, RBI એ આગામી નાણાકીય વર્ષ 2025-26 માટે કુલ સ્થાનિક ઉત્પાદન, જીડીપી 6.7 ટકા રહેવાનો અંદાજ લગાવ્યો છે. જ્યારે ચાલુ નાણાકીય વર્ષ માટે આર્થિક વિકાસ દરનો અંદાજ 6.4 ટકા જાળવી રાખવામાં આવ્યો છે.

તેમણે જણાવ્યું હતું કે, આગામી નાણાકીય વર્ષ 2025-26માં છૂટક ફુગાવો 4.2 ટકા રહેવાની ધારણા છે, જ્યારે ચાલુ નાણાકીય વર્ષ 2024-25માં તે 4.8 ટકા રહેવાની શક્યતા છે

# LOKSABHA-MMR

સરકાર આદિવાસી વિસ્તારોમાં આરોગ્યસંભાળ સુવિધાઓ સુધારવા પર ખાસ ધ્યાન આપી રહી રહી છે. લોકસભામાં પૂરક પ્રશ્નોના જવાબ આપતા, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જગતપ્રકાશ નડ્ડાએ આ મુજબ જણાવ્યું.

અગાઉ, પૂરક પ્રશ્નોના જવાબ આપતાં, આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્યમંત્રી અનુપ્રિયા પટેલે જણાવ્યું કે, છેલ્લા 30 વર્ષોમાં, વૈશ્વિક સ્તરે માતૃત્વ મૃત્યુ દર (MMR)માં ઘટાડો, 42 ટકા સુધી પહોંચ્યો છે. જ્યારે તે જ સમયે ભારતમાં માતૃ મૃત્યુ દરમાં 83 ટકાનો ઘટાડો થયો છે. શ્રીમતી પટેલે જણાવ્યું કે, રાષ્ટ્રીય આરોગ્ય મિશન હેઠળ,મોબાઇલ મેડિકલ ટીમ દ્વારા ગર્ભવતી મહિલાઓ અને અન્ય દર્દીઓની ખાસ કાળજી લેવાઈ રહી છે જેથી દેશમાં મૃત્યુદરમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

# EPFO MANDAVIYA

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠને ચાલુ નાણાકીય વર્ષમાં અત્યાર સુધીમાં 5 કરોડથી વધુ દાવાઓનું સમાધાન કર્યું છે.

શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ ગઈકાલે માહિતી આપી કે, નાણાકીય વર્ષ 2023-24માં 4 કરોડ 45 લાખ દાવાઓનું સમાધાન કરવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે, સંગઠનમાં કરવામાં આવેલા સુધારાઓને કારણે જ આટલી મોટી સંખ્યામાં ફરિયાદોનું નિરાકરણ શક્ય બન્યું છે.

ડૉ. માંડવિયાએ જણાવ્યું કે, ચાલુ નાણાકીય વર્ષમાં ઓટોમેટેડ દાવા સમાધાન કેસોની સંખ્યા બમણી થઈને 1 કરોડ 87 લાખ થઈ ગઈ છે.

## (BYTE: MANSUKH MANDAVIYA)

# REV PARL OPPOSITION PROTEST

શ્રીલંકા દ્વારા તમિલનાડુના માછીમારોની અટકાયતના મુદ્દા પર આજે અનેક વિપક્ષી સાંસદોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું..

ડીએમકેના સાંસદો દયાનિધિ મારન, કનિમોઝી અને એ રાજા, કોંગ્રેસના સાંસદો હિબીડેન, આરજેડી નેતા મનોજ ઝા, સીપીઆઈના પી. સંતોષ વિરોધ કરી રહેલા સાંસદોમાં સામેલ હતા.

મીડિયા સાથે વાત કરતા, કનિમોઝીએ કહ્યું કે, શ્રીલંકાના અધિકારીઓ દ્વારા લગભગ 97 માછીમારોની ધરપકડ કરવામાં આવી છે અને તેમને પાછા લાવવા જોઈએ. બાદમાં, તેમણે શૂન્ય કલાક દરમિયાન લોકસભામાં પણ આ મુદ્દો ઉઠાવ્યો.

# PM CHAUPAL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ભાજપના વરિષ્ઠ નેતા અને રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના ટ્રસ્ટી કામેશ્વર ચૌપાલના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે શ્રી ચૌપાલ એક સમર્પિત રામ ભક્ત હતા, જેમણે અયોધ્યામાં રામ મંદિરના નિર્માણમાં મૂલ્યવાન યોગદાન આપ્યું હતું.

પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો કે, દલિત પૃષ્ઠભૂમિમાંથી આવતા, શ્રી ચૌપાલને સમાજના વંચિત સમુદાયોના કલ્યાણ માટેના તેમના કાર્ય માટે હંમેશા યાદ રાખવામાં આવશે. શ્રી મોદીએ આ દુઃખના સમયમાં તેમના પરિવાર અને સમર્થકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી.

# DELHI ELECTION COUNTING

દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે આવતીકાલે યોજાનારી મતગણતરી માટે તમામ તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે.

દિલ્હીના મુખ્ય ચૂંટણી અધિકારી આર એલિસ વાઝે ગઈકાલે જણાવ્યું કે, 70 વિધાનસભા મતવિસ્તારોના ફોર્મ 17C સહિત ચૂંટણી દસ્તાવેજોની ચકાસણી પૂર્ણ થઈ ગઈ છે. તેમણે કહ્યું કે, તપાસ દરમિયાન ચૂંટણી પંચના કેન્દ્રીય નિરીક્ષક, ઉમેદવારો અને તેમના એજન્ટો તેમજ ચૂંટણી અધિકારીઓ હાજર હતા.

તેમણે કહ્યું કે, ચકાસણી પ્રક્રિયા દરમિયાન કોઈ ઉમેદવારે કોઈ ફરિયાદ કરી નથી. ઇલેક્ટ્રોનિક વોટિંગ મશીનો-ઇવીએમને કમિશન અને પોલીસ અધિકારીઓની કડક દેખરેખ હેઠળ સ્ટ્રોંગ રૂમમાં રાખવામાં આવ્યા છે. મત ગણતરી માટે દિલ્હીના 11 જિલ્લાઓમાં 19 કેન્દ્રો બનાવવામાં આવ્યા છે.

શ્રીમતી વાઝે જણાવ્યું કે, ગણતરીના કાર્ય માટે ગણતરી સુપરવાઇઝર, ગણતરી સહાયકો, સૂક્ષ્મ નિરીક્ષકો, ડેટા કર્મચારીઓ અને અન્ય સ્ટાફ સહિત લગભગ 12 હજાર કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા છે અને તેમને ગણતરી પ્રક્રિયા માટે તાલીમ આપવામાં આવી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# J&K - DG CRPF

CRPFના મહાનિર્દેશક, જી.પી. સિંહ જમ્મુ અને કાશ્મીરની બે દિવસની મુલાકાતે છે.

તેમણે આજે સરહદી જિલ્લામાં રાજૌરી સ્થિત ફોર્સના કેમ્પની મુલાકાત લીધી. અમારા પ્રતિનીધીના અહેવાલ મુજબ, શ્રી સિંહે જિલ્લામાં સુરક્ષા પરિસ્થિતિ અને ઓપરેશનલ તૈયારીઓની સમીક્ષા કરી હતી.

તેમણે કાલાકોટ ઉપરાંત કોપરા ખાતે નવા બનાવાયેલ કાઉન્ટર ઇન્સર્જન્સી (સીઆઈ) કેમ્પની પણ મુલાકાત લીધી હતી. અગાઉ તેઓએ લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહા સાથે પણ મુલાકાત કરી હતી.

# US - H-1B VISA

નાણાકીય વર્ષ 2026 માટે H-1B વિઝા માટે પ્રારંભિક નોંધણીની મુદત 7 માર્ચથી શરૂ થશે અને 24 માર્ચે સમાપ્ત થશે. યુએસ સિટિઝનશિપ એન્ડ ઇમિગ્રેશન સર્વિસીસ USCISએ જણાવ્યું કે સંભવિત અરજદારો અને પ્રતિનિધિઓએ પસંદગી પ્રક્રિયા માટે દરેક લાભાર્થીને ઇલેક્ટ્રોનિક રીતે નોંધણી કરાવવા માટે USCIS ઓનલાઈન એકાઉન્ટનો ઉપયોગ કરવો પડશે અને દરેક લાભાર્થી માટે સંકળાયેલ નોંધણી ફી ચૂકવવી પડશે. USCIS એ વધુમાં જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ 2026 H-1B મર્યાદા નાણાકીય વર્ષ 2025 માં શરૂ કરાયેલ લાભાર્થી-કેન્દ્રિત પસંદગી પ્રક્રિયાનો ઉપયોગ કરશે.

# US COURT ORDER

અમેરીકામાં, બોસ્ટનના ન્યાયાધીશે રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની સરકારી કર્મચારીઓને પ્રોત્સાહક રકમ આપીને ફરજીયાત નિવૃત્ત કરી દેવાની યોજના પર હંગામી સ્વરૂપે પ્રતિબંધ લાદી દીધો છે,

આ યોજના અમલમાં આવે તે પહેલાના કેટલાક કલાકો પહેલા આ આદેશ જાહેર કરાયો હતો. બોસ્ટન જિલ્લા ન્યાયાધીશ દ્વારા જાહેર કરાયેલા આદેશમાં નિવૃત્તિ કાર્યક્રમની યોગ્યતા પર ટિપ્પણી કરાઇ નથી પરંતુ ન્યાયાધીશ દ્વારા વહીવટીતંત્રને સાંભળવા માટે અરજી કરવાની સમયમર્યાદા વધારી છે.

આ આદેશના પગલે કર્મચારીઓ કોર્ટના દરવાજા ખખડાવ્યા બાદ પ્રારંભિક તબક્કે ટ્રમ્પની યોજના સામે જીત મળી છે.

# MAHAKUMBH CULTURE PROGRAM

કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલય આજે સાંજે પ્રયાગરાજના મહાકુંભમાં એક ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરશે. દેશભરના પ્રખ્યાત કલાકારો સંગીત, નૃત્ય અને કલાની ભવ્ય પ્રસ્તુતિઓથી ભક્તોને મંત્રમુગ્ધ કરશે.

હવે સાંભળીએ પ્રયાગરાજના  અમારા પ્રતિનિધિ નો અહેવાલ ..........

## (KUMBH OPENING)

## (બાઈટ: DIPENDRAKUMAR)

## (KUMBH CLOSING)